# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-08-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

*****************************************************

1) સંસદના બંને ગૃહની કાર્યવાહી અનિશ્ચિત કાળ સુધી સ્થગિત – ચોમાસું સત્રના 25 દિવસમાં 19 બેઠક યોજાઈ.

2) સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ સંસદની કાર્યવાહીમાં વારંવાર વિક્ષેપ પાડવા બદલ વિરોધ પક્ષની ટીકા કરી.

3) નવી દિલ્હીમાં 115 કલાકારોને સંગીત નાટક અકાદમી પુરસ્કાર એનાયત – રાષ્ટ્રપતિએ વરિષ્ઠ કલાકારોને આગામી પેઢીઓને તાલીમ આપવા આગ્રહ કર્યો.

4) દિલ્હીમાં ગત નવેમ્બરમાં થયેલા આત્મઘાતી કાર વિસ્ફોટ માટે આતંકી સંગઠન અલકાયદા-એ-કાયદા-એ-હિન્દ જવાબદાર – UNSCના રિપોર્ટમાં ખૂલાસો.

5) કેનેડા ઑપન ટેનિસ સ્પર્ધામાં સ્પેનના ખેલાડીને હરાવી અમેરિકાના બ્રેન્ડન નાકાશીમાનો ફાઈનલમાં પ્રવેશ.

***********************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV LS RS SINE DIE

સંસદના બંને ગૃહની કાર્યવાહી અનિશ્ચિત કાળ સુધી સ્થગિત કરવામાં આવી. ગયા મહિનાની 20 તારીખથી શરૂ થયેલું ચોમાસું સત્ર આજે પૂર્ણ થયું. સત્રના 25 દિવસમાં 19 બેઠક યોજાઈ.

રાજ્યસભાના સભાપતિ સી. પી. રાધાકૃષ્ણને તેમના સમાપન સંબોધનમાં ગૃહની કાર્યવાહીમાં અવારનવાર પડેલા વિક્ષેપ અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું, ગૃહમાં સભ્યોને તેમની વાત રજૂ કરવાની પૂરતી તક હતી, પરંતુ સભ્યોએ જનતાનો અવાજ ઉઠાવવા આ તકનો સંપૂર્ણ ઉપયોગ ન કર્યો. વધુમાં તેમણે કહ્યું, ગૃહે 12 ખરડા પસાર અને પરત કરીને તેની મૂળભૂત કાયદાકીય જવાબદારીઓ પૂર્ણ કરી.

આ અંગે એક અહેવાલ સાંભળીએ.

**(VC: DIPENDRA KUMAR)**

***मानसून सत्र के दौरान विधायी और राष्ट्रीय महत्व के कई महत्वपूर्ण विधेयक पारित किए गए। इनमें सार्वजनिक परीक्षा अनुचित साधनों की रोकथाम संशोधन विधेयक 2026, राष्ट्रीय गौरव अपमान निवारण संशोधन विधेयक 2026, न्यायाधिकरण सुधार विधेयक 2026, कराधान और अन्य विधियां संशोधन विधेयक, राष्ट्रीय सहकारी विकास निगम संशोधन विधेयक और केरल नाम परिवर्तन विधेयक 2026 शामिल हैं। संसद ने विदेशी अंशदान विनियमन संशोधन विधेयक 2026 पर विस्तृत चर्चा के लिए संयुक्त संसदीय समिति के पास भेज दिया। हालांकि सत्र के दौरान नीट पेपर लीक को लेकर छात्रों के विरोध प्रदर्शन कर रहे छात्रों के खिलाफ कथित पुलिस कार्रवाई और अयोध्या राम मंदिर के चंदे में कथित अनियमितताओं के मुद्दे पर बार-बार हंगामा हुआ। देवेन्द्र कुमार, आकाशवाणी समाचार, दिल्ली।***

# RIJIJU PARLIAMENT

સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ વિરોધ પક્ષ પર આક્ષેપ લગાવતા કહ્યું, જ્યારે સરકાર સંસદમાં ચર્ચા માટે તૈયાર હતી. ત્યારે વિરોધ પક્ષના દળોએ ગૃહમાં ચર્ચા થવા ન દીધી. તેમણે વિરોધ પક્ષના સાંસદોના વર્તનને લોકશાહી, ખાસ કરીને સંસદીય લોકશાહી માટે અયોગ્ય ગણાવ્યું. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા શ્રી રિજિજૂએ કહ્યું, ચોમાસું સત્રમાં સતત સૂત્રોચ્ચાર અને વિરોધ પ્રદર્શનોથી ગૃહના કામકાજ પર અસર થઈ. આ સત્રમાં લોકસભામાં 19 અને રાજ્યસભામાં 39 ટકા કામ થયું.

**(BYTE: KIREN RIJIJU, UNION MINISTER)**

*टोटल **12** बिल पास किए हैं और चर्चा की दृष्टि से हम खुश नहीं हैं क्योंकि अपोजिशन ने ठीक से चर्चा करने नहीं दिया, विशेष करके लोकसभा में, क्योंकि बिजनेस अच्छा हुआ है। अभी लगभग तीन दशक का मेरा एक्सपीरियंस होने वाले हैं, तो पहली बार यह दृश्य देखने को मिला कि सरकार खुद कह रहे हैं कि हम डिस्कशन चाहते हैं और अपोजिशन बहाना बना करके डिस्कशन से भाग रहे हैं। यह लोकतंत्र के लिए, विशेष करके संसदीय लोकतंत्र के लिए ठीक नहीं है।*

# PREZ SANGEET AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે નવી દિલ્હીમાં યોજાયેલા એક વિશેષ સમારોહમાં 100-થી વધુ કલાકારોને વર્ષ 2024 અને 2025 માટે સંગીત નાટક અકાદમીની શિષ્યવૃત્તિ અને પુરસ્કાર એનાયત કર્યાં. ભારતીય રંગમંચમાં નિર્દેશનમાં યોગદાન બદલ ગુજરાતના કપિલદેવ ચંદ્રકાંત શુક્લને સંગીત નાટક પુરસ્કારથી સન્માનિત કરાયા. આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પુરસ્કાર વિજેતા કલાકારોને આધુનિક ભારતની પ્રતિભા અને નિષ્ઠાનાં પ્રતીક ગણાવતાં કહ્યું, તમામ કલાકારોમાં આધુનિક ભારતની પ્રતિભા અને સમર્પણ દેખાઈ રહ્યું છે. તેમણે વરિષ્ઠ કલાકારોને આગામી પેઢીઓને તાલીમ આપવા પણ આગ્રહ કર્યો.

**(BYTE: DROUPADI MURMU, PRESIDENT OF INDIA)**

*(जो कलाकार आज सम्मानित हुए हैं, वे मिलकर भारत का एक सांस्कृतिक मानचित्र प्रस्तुत करते हैं। ऐसा मानचित्र जिसमें इस देश की मिट्टी से उपजे कथाएं और गीत जुड़े हैं। विविधता से भरी इस धरती के नृत्य और उत्सव समाया हुआ है। इसकी भाषा बोलियों की सदियों से बनती आ रही संस्कृतियों की वही बसी हुई है।)*

દેશની પ્રદર્શન કળાઓ, સંગીત, નૃત્ય, રંગમંચ, જાહેર અને આદિવાસી કળાઓ, કઠપૂતળી નૃત્ય, પરંપરાગત રંગમંચ અને અન્ય સંબંધિત કળામાં યોગદાન બદલ આ પુરસ્કાર અપાયા.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ [newsonair.gov.in/](newsonair.gov.in/)સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# HAR GHAR TIRANGA

(HAR GHAR TIRANGA ANTHEM)

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે. પી. નડ્ડા તથા વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકરે આજે ત્રિરંગો લહેરાવી હરઘર તિરંગા અભિયાનમાં ભાગ લીધો.

નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાન પર ત્રિરંગો લહેરાવ્યા બાદ સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે કહ્યું, આ અભિયાન દરેક ભારતીયના દિલમાં દેશભક્તિ અને સન્માનની ભાવનાને મજબૂત કરી રહ્યું છે. તેમણે કહ્યું, આજે કરોડો નાગરિક ત્રિરંગાથી જોડાઈ રહ્યા છે અને એક ભારત શ્રેષ્ઠ ભારતની ભાવના સશક્ત બનાવી રહ્યા છે.

આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું, રાષ્ટ્ર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આહ્વાન બાદ હરઘર તિરંગા અભિયાનનું આયોજન કરી રહ્યું છે.

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે પણ સોશિયલ મીડિયા પર રાષ્ટ્રધ્વજ સાથે તેમની તસવીર શેર કરી હતી.

કેન્દ્રીય કોલસા અને ખાણખનીજ મંત્રી જી. કિશન રેડ્ડીએ પણ તમામ નાગરિકોને તેમના ઘર પર ત્રિરંગો લહેરાવવાની અપીલ કરી.

(HAR GHAR TIRANGA ANTHEM)

# UNSC RED FORT BLAST

દિલ્હીના લાલકિલ્લા પાસે ગત નવેમ્બરમાં થયેલો ઘાતક આત્મઘાતી કાર વિસ્ફોટ ભારતીય ઉપખંડમાં અલકાયદા-એ-કાયદા-એ-હિન્દ એટલે કે, AQIS-એ કર્યો હતો. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ – UNSCની આતંકવાદ સંબંધિત વિશ્લેષ-ણાત્મક સહાય અને પ્રતિબંધ દેખરેખ ટુકડીએ તેના અહેવાલમાં આ આતંકવાદી સંગઠનને હુમલા માટે જવાબદાર ગણાવ્યું. આ હુમલામાં 11 લોકોના મોત થયા હતા.

રિપોર્ટમાં જણાવાયું કે, A.Q.I.S. હવે ક્ષેત્રિય આતંકવાદી સંગઠન બની ગયું છે. રિપોર્ટમાં એ પણ ચેતવણી અપાઈ કે, A.Q.I.S. બાંગ્લાદેશનો ઉપયોગ ત્યાં પોતાના આતંકી એકમને સ્થાપવા કરાતા પ્રયાસ માટે કરી રહ્યું છે. ટુકડીએ દક્ષિણ એશિયામાં આતંકવાદી જોખમ વધવાની શક્યતા પણ વ્યક્ત કરી.

# REV PUNJAB SUKHBIR BADAL

મહારાષ્ટ્રના નાંદેડમાં આજે શિરોમણિ અકાલી દળના અધ્યક્ષ અને પંજાબના પૂર્વ નાયબ મુખ્યમંત્રી સુખબીર સિંઘ બાદલ પર હુમલો થયો. શ્રી બાદલ તેમનાં પત્ની હરસિમરત કૌર સાથે ગુરુદ્વારાના પગથિયાં ઉતરી રહ્યા હતા. તે વખતે એક સેવાદારે શ્રી બાદલ પર હુમલો કરતાં તેમને હૉસ્પિટલ દાખલ કરાયાં, જ્યાં તેમનાં જમણાં હાથમાં ટાંકા લગાવાયા હતા. તેઓ હાલ જોખમમાંથી બહાર છે. નાંદેડ પોલીસ અધિક્ષક ડૉ. નિલાભ રોહને કહ્યું, હુમલાખોરને પકડી લેવાયો છે.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ હુમલાની તપાસના આદેશ આપ્યા છે. ગત 2 વર્ષમાં શ્રી બાદલ પર આ બીજો હુમલો છે. આ પહેલા ડિસેમ્બર 2024માં અમૃતસરના સુવર્ણ મંદિરના પ્રવેશદ્વાર પર તેમની પર જીવલેણ હુમલો કરવાનો પ્રયાસ કરાયો હતો.

# NEW CANADA OPEN TENNIS

કેનેડા ઑપન ટેનિસ સ્પર્ધામાં પુરુષ સિંગલ્સ ફાઈનલમાં અમેરિકાના બ્રેન્ડન નાકા-શીમાનો મુકાબલો તેમના જ દેશના બેન શેલ્ટન સાથે થશે. આજે સેમિ-ફાઈનલમાં બ્રેન્ડને સ્પેનના રાફેલ જોડરને અને શેલ્ટને લર્નર ટિએન-ને હરાવ્યા. હવે આવતીકાલે ફાઈનલ મુકાબલો મૉન્ટ્રિ-અલમાં રમાશે.

બીજી તરફ, મહિલા સિંગલ્સમાં કોકો ગોફ અને ઈગા સ્વિ-યાતેક ફાઈનલમાં પહોંચ્યાં. આજે ટોરન્ટોમાં રમાયેલી સેમિફાઈનલની મેચમાં કોકો ગૉફે એલિના રાએ-બાકિનાને પરાજય આપ્યો. જ્યારે ઈગા સ્વિ-યાતેકે સેમિફાઈનલમાં એલિના સ્વે-તોલિનાને હરાવ્યાં.